RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 165, Dt.26-09-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મુંબઈમાં પાંચ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા પાણી...પાણી...


## પાંચના મોતઃ દેશનુ આર્થિક પાટનગર અતિભારે વરસાદમાં ઘમરોળાયુઃહજારો લોકો અટવાયાઃ મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, ઘાટકોપર, અંધેરી, માનખુર્દ, થાણે સહીતનાં ભાગોમાં વ્યાપક ખાનાખરાબીઃ રેલ્વે-વિમાની સેવા વેરવિખેરઃ શાળા-કોલેજોમાં રજા જાહેર

**મુખ્ય સમાચાર,મુંબઈ**

નૈઋત્ય ચોમાસાની વિદાય શરૂ થઈ જ ગઈ છે. તેવા સમયે શરૂ થયેલા વરસાદના નવા રાઉન્ડે આર્થિક પાટનગર મુંબઈને પાણી-પાણી કરી દીધુ હતું. મહાનગરના કેટલાંક ભાગોમાં પાંચ કલાકમાં ૮ થી ૧૦ ઈંચ કે તેથી વધુ વરસાદ થતા સર્વત્ર જળબંબાકાર સર્જાયો હતો.ચાર લોકોનાં મોત થયા હતા. હજારો લોકો અટવાયા હતા.લોકલ ટ્રેક તથા વિમાની સેવા અસ્તવ્યસ્ત બની હતી. સ્કુલ-કોલેજોમાં આજે રજા જાહેર કરવામાં આવી હતી.

મુંબઈમાં ચોમાસાની શરૂઆત ધમાકેદાર રહેતી હોય છે તેવી જ રીતે વિદાયનો વરસાદ પણ અતિભારે વરસ્યો હોય તેમ સર્વત્ર પાણી-પાણીની હાલત સર્જાઈ હતી ૫ થી ૧૦ વાગ્યા સુધીમાં પાંચ કલાકનાં ગાળામાં પોવાઈમાં સાડા નવ ઈંચ, ઘાટકોપરમાં સવા દસ ઈંચ તથા માનખુરદામાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા વ્યાપક ખાના-ખરાબી સર્જાઈ હતી. આ સિવાય મુલુંડ, ભાંડુપ, વિકોલી, શિવરી કોલીવાડા, વડાલા સહીતના ભાગોમાં આઠ ઈંચ સુધીનો વરસાદ થતાં માર્ગો સમુદ્ર બની ગયાનું ચિત્ર સર્જાયુ હતું.

ભારે વરસાદ ઓફીસ છુટવાના સમયે જ શરૂ થયો હતો અને આ દરમ્યાન વાહન વ્યવહાર તથા લોકલ ટ્રેન સેવા પ્રભાવીત થઈ હતી પરીણામે ઘેર જતા હજારો લોકો અટવાઈ ગયા હતા. લોકલ ટ્રેનોની સ્પીડ ધીમી કરી દેવાતા સમયપત્રક વેરવિખેર થઈ ગયુ હતું. રેલવે ટ્રેક પર પાણી ભરાયા હતા. વિમાની સેવાને પણ અસર થઈ હતી ૧૪ ફલાઈટ ડાઈવર્ટ કરવામાં આવી હતી.અતિ ભારે વરસાદની સ્થિતિને પગલે કોર્પોરેશન દ્વારા એલર્ટ જારી કરીને સીનીયર અધિકારીઓને કન્ટ્રોલ રૂમમાં હાજર થવા આદેશ કરાયા હતા. પાણી ભરાવાને કારણે ઠેકઠેકાણે પંપ મુકવાની સુચના આપવામાં આવી હતી.સમગ્ર મહાનગરોમાં ભારે વરસાદની હાલત હતી અને તે દરમ્યાન મુંદ્રા બાયપાસ રોડ પર ભેખડ ધસી પડી હતી. સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી રાહત-બચાવ ટીમને દોડાવવામાં આવી હતી અને રસ્તા પરથી કાટમાળ ખસેડવામાં આવ્યો હતો. ઝંઝાવાતી વરસાદની સ્થિતિમાં મુંબઈની તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. વરસાદી દુર્ઘટનાની ચાર લોકોનાં મોત નીપજયા હતા અંધેરીમાં ૪૫ વર્ષિય યુવતીનું ડુબી જવાથી મોત નિપજયુ હતુ.જયારે થાણેમાં વિજળી પડતા ત્રણ લોકોનો ભોગ લેવાયો હતો.ભારે વરસાદને પગલે કેટલાક રસ્તાઓ વહેતી નદીઓમાં ફેરવાઈ ગયા હતા કારણ કે સાંજે પાંચ કલાકમાં ઘણા વિસ્તારોમાં ૧૦૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો. રસ્તાઓ પર કાર તરતી જોવા મળી હતી.







## ઓનલાઈનથી થતા પેમેન્ટ અંગેની જાગૃતિમાં ગુજરાત દેશમાં તળીયાના સ્થાનેઃ સાયબર ફ્રોડ વધ્યું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં વ્યાપાર-ઉદ્યોગથી લઈ મૂડી રોકાણ અને આમ આદમી દ્વારા પણ ડિજીટલ ટેકનોલોજીથી નાણાકીય સહિતના વ્યવહારોમાં સતત વધારા થતા પણ ડિજીટલ પેમેન્ટ અવેરનેસ એટલે કે ઓનલાઈનથી લઈ યુપીઆઈ સહિતના માધ્યમથી થતા પેમેન્ટ અંગેની જાગૃતિમાં ગુજરાત દેશમાં તળીયાના સ્થાને છે અને તેના કારણે જ ગુજરાતમાં સાયબર ફ્રોડની સંખ્યા સતત વધતી જાય છે.

હાલમાં જ બહાર પડેલા એક ડેટા મુજબ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જણાવાયું છે કે, ડિજીટલ અવેરનેસમાં રાષ્ટ્રીય સરેરાશ ૭૭.૨ ટકા છે જયારે ગુજરાતમાં તે ૭૫.૭ ટકા છે. આ એક આશ્ચર્યજનક તારણ છે. ગુજરાતે એક વિકસીત રાજય તરીકે અને શિક્ષીત રાજય તરીકે પણ જાણીતું છે.

ઉપરાંત અહીં ડિજીટલ ટેકનોલોજીથી જાણકાર લોકોની સંખ્યા પણ મોટી છે. પરંતુ આર્થિક વિકાસની સાથે લોકો વધુને વધુ ડિજીટલ બની રહ્યા છે. પરંતુ તેમાં લોકોની સાવધાની કે સાવચેતીના અભાવે તેઓ ઝડપથી ફ્રોડનો ભોગ બને છે. રાજયમાં આગામી સમયમાં મૂડી રોકાણ સહિતના ક્ષેત્રે પણ વધુ સારી સ્થિતિ બની શકે છે. રીઝર્વ બેંકનો રીપોર્ટ કહે છે કે દિલ્હી, હરીયાણા ડિજીટલ અવેરનેસમાં દેશના ટોચના સ્થાને છે જે અનુક્રમે ૯૩.૭ ટકા અને ૯૩.૩ ટકા અવેરનેસ નોંધાઈ હતી. રસપ્રદ બાબત એ છે કે ગુજરાતના જ પાડોશી દમણ અને દીવમાં પણ ડિજીટલ અવેરનેસ વધુ છે. જે ૯૨.૧ ટક નોંધાયુ છે. આમ કેન્દ્ર શાસિત પ્રદેશ પણ વધુ અવેરનેસ ધરાવે છે.

આ સર્વેના જણાવ્યા મુજબ દેશમાં ૩૬.૧ ટકા લોકો હવે સામાન્ય




ખરીદીમાં પણ ડિજીટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. જયારે ૪૧ ટકા લોકો કમસે કમ એક વખત આ પ્રકારે પેમેન્ટ સિસ્ટમમાં આવ્યા બાદ ફરી કેશ કે બેન્કીંગ સિસ્ટમ ભણી ચાલ્યા ગયા હતા. નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં ડિજીટલ અવેરનેસ ઓછી છે કારણ કે ગુજરાતીઓ રોકડ વ્યવહાર વધુ પસંદ કરે છે. ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં આ પ્રથમ હજુ ચાલુ છે. ગુજરાતીઓ નાના નાના વ્યાપારમાં રોકડ લેવડ દેવડ કરીને સરકારી સિસ્ટમમાંથી બચવાનો પ્રયત્ન કરે છે.


## સૌરાષ્ટ્ર સહીત રાજયનાં મોટાભાગનાં જીલ્લાઓમાં વરસાદઃ રાજકોટમાં ૧ ઈંચ

### ગોંડલ, વાંકાનેર, ઉના, જૂનાગઢ પંથકમાં પણ પોણોથી એક ઈંચ વરસ્યોઃ રાજકોટમાં રાત્રે કડાકા ભડાકા થયાઃ આજે સવારથી પણ વરસાદી માહોલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ગઈકાલે મોડી રાત્રિનાં સાયકલોનિક સર્કયુલેશનની અસર હેઠળ ભારે ગાજવીજ અને તોફાની પવન સાથે ૧ થી ૨ ઈંચ વરસાદ વરસી ગયો હતો. ભદરવાનાં આકરા તાપની મૌસમમાં ગઈકાલે અષાઢી માહોલ છવાયો હતો સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ૨ ઈંચ, ઉના પંથકમાં ૧ ઈંચ, ગોંડલમાં ૧ ઈંચ, વાંકાનેરમાં સવા અને સોરઠમાં પોણો ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉપરાંત રાજકોટ શહેરમાં પણ મોડી રાત્રે ૨ થી ૫ દરમ્યાન ભયંકર વિજળીનાં કડાકા-ભડાકા અને તોફાની પવન વચ્ચે ૧ ઈંચ વરસાદ પડયો હતો. રાજકોટ ફાયર બ્રિગેડ અનુસાર રાજકોટ શહેરમાં રાત્રે સેન્ટ્રલ ઝોનમાં ૨૦ મી.મી., વેસ્ટ ઝોનમાં ૧૨ મી.મી. અને ઈસ્ટ ઝોનમાં ૨૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જયારે આજે સવારથી પણ ઠેર-ઠેર વરસાદી માહોલ છવાયેલો છે દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ ભાવનગર જિલ્લામાં મોડી રાત્રે ધોધમાર વરસાદ પડ્યો હતો. સમગ્ર જિલ્લામાં અડધાથી બે ઈંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના સિહોરમાં બે ઈંચ, ઘોઘા માં પોણા બે ઈંચ, ભાવનગર શહેર અને મહુવામાં દોઢ -દોઢ ઈંચ, તળાજામાં એક ઈંચ વરસાદ પડ્યો છે. ગોહિલવાડ પંથકમાં ગઈકાલે દિવસ પર વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ મોદી રાત્રે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. અને સમગ્ર જિલ્લામાં અડધાથી બે ઈંચ વરસાદ પડ્યો છે. આજે સવારે ૬ વાગે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન વલભીપુરમાં ૭, ઉમરાળા ૭, ભાવનગર શહેર ૩૧, ઘોઘા ૪૨ ,સિહોર ૫૨ ,ગારીયાધાર ૪, પાલીતાણા ૧૧, તળાજા ૨૫ ,મહુવા ૩૬ અને જેસરમાં ૩ મી.મી .વરસાદ નોંધાયો છે. આજે સવારે પણ વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યું છે. જયારે ઉના પંથકમાં ઓણ સાલ મેઘરાજા રિસાયેલ હોય તેમ ચોમાસા ની સીઝન મા ૨૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોય ઓછા વરસાદ થી લોકો મા પણ ચિંતા ના વાદળો ઘેરાયેલા હતા પણ આજે દિવસ દરમ્યાન ગરમી નું પ્રમાણ મા વધુ હોય બપોરે બાદ સમી સાંજના સમયે આકાશ મા કાળા ડીબાંગ વાદળો ઘેરાતાં વીજળી ના કડાકા ભડાકા સાથે વરસાદ વરસતા શહેર ના રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. તે સિવાય તાલુકા ના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલ મળી રહ્યાં છે લાંબા સમય ના વિરામ બાદ અચાનક મેઘ મહેર થતા લોકો એ રાહત ની લાગણી અનુભવી હતી અને વાવણી બાદ વરસાદ નું આગમન થતા ખેડૂતોના ચહેરા પર વરસાદ વરસ્યા ની ખુશી જોવા મળતી હતી બીજી તરફ તાલુકા ના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ હોય ઉના



મા સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ વરસી ગયેલ હતો તથા ગોંડલ માં લોકો મોડી રાત્રીનાં બે વાગ્યે મીઠી નિંદ્રા માણી રહ્યા હતા.ત્યારે અચાનક આકાશ માં વિજળી નાં ચમકારા સાથે ભારે કડાકા ભડાકા વચ્ચે વરસાદ તુટી પડ્યો હતો.અને અડધા થી પોણી કલાક માં પોણા થી એક ઈંચ વરસાદ વરસ્યો હતો.છેલ્લા બે દિવસ થી ભારે બફારા બાદ મોડી રાત્રીનાં મેઘરાજે એ ભારે ગાજવીજ સાથે એન્ટ્રી કરી હોય વાતાવરણ માં ઠંડક ફેલાઈ હતી.

જયારે વાંકાનેર વિસ્તારના વાતાવરણમાં ગત રાત્રીના અચાનક પલટો આવ્યો હતો, જેમાં સમગ્ર વાંકાનેર પંથકમાં વિજળીના કડાકા ભડાકા અને પવનના સુસવાટા સાથે સચરાચર વરસાદ નોંધાયો હતો. સમગ્ર પંથકમાં અચાનક આવેલ વરસાદથી ધરતીપુત્રો ચિંતાતુર બન્યા છે.

## ઈઝરાયલની સેનાને ગમે તે સમયે લેબનાનમાં ઘુસવા માટે તૈયાર રહેવા આદેશ : મોટો ભડકો થાય તેવો ભય

**મુખ્ય સમાચાર,બૈરૂત**

ગત વર્ષે ઈઝરાયલ પર હમાસના હુમલા બાદ આ વિસ્તારમાં સર્જાયેલી અશાંતિ હવે મોટો ભડકો કરે તેવો ભય છે. છેલ્લા કેટલાક દિવસથી ઈઝરાયલી સેનાએ તેના આક્રમણનું કેન્દ્ર હમાસ બાદ લેબનાનમાં હિઝબુલ્લા ગેરીલા સંગઠન ભણી ફેરવ્યું હતું અને છેલ્લા ત્રણ દિવસમાં લેબનાનમાં ભારે હવાઈ હુમલા અને હજારો ટન બોમ્બ વરસાવ્યા બાદ હવે ઈઝરાયલની સેનાને ગમે તે સમયે લેબનાનમાં ઘુસવા માટે તૈયાર રહેવા આદેશ આપતા જ અમેરિકા સહિતના દેશો ભડકી ગયા છે.

ઈઝરાયલના લેબનાનના હુમલામાં અત્યાર સુધીમાં ૫૫૦થી વધુ લોકોના મોત થયા હતા. અગાઉ ઈઝરાયલે બૈરૂત અને તેના આસપાસના વિસ્તારમાં પહેલા પેજર વિસ્ફોટક અને બાદમાં વોકીટોકી અને સોલાર પેનલ વિસ્ફોટથી ભયનું સામ્રાજય ફેલાઈ દીધુ હતું અને બાદમાં છેલ્લા ત્રણ દિવસથી ઈઝરાયલમાંથી હજારો રોકેટ અને મિસાઈલથી લેબનાનને તબાહ કરવાનું શરૂ કરીને આ લડાકુ સંગઠનની સૈન્ય શકિતને પાંગળી કરી દેવાનો અને તોડી પાડવાનો વ્યુહ અપનાવ્યો છે.

ગઈકાલે ઈઝરાયલી હવાઈ દળના વિમાનોએ લેબનાનમાં ભારે બોમ્બ



વર્ષા કરી હતી અને તેમાં પણ તબાહીના દ્રશ્યો છે. તે સમયે જ હવે ઈઝરાયલ સેનાના વડા લેફ.જનરલ હેરજી હાવેલીએ સૈન્યને ગમે તે સમયે લેબનાનમાં ઘુસવા માટે તૈયાર રહેવા આદેશ આપ્યો છે અને ઈઝરાયલ તેમજ લેબનાનની ઉતરીય સીમા પર ભારે સેનાનો ખડકલો શરૂ કરી દીધો છે. અગાઉ ૨૦૦૬માં ઈઝરાયલે લેબનાનમાં ઘુસીને હુમલા કર્યા હતા અને હવે ફરી એક વખત આ પ્રકારે હુમલાની તૈયારી કરતા જ મધ્ય પૂર્વમાં નવો જબરો તનાવ સર્જાઈ ગયો છે.

## જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશેઃનામમાં 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકાશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૩૬ અનુસાર, જન્મ અને મરણના રજીસ્ટરમાં કરાવેલી નોંધ અનેક કામગીરીઓ માટે મહત્ત્વનો પૂરાવો છે. જેમાં જન્મ કે મરણ સર્ટિફિકેટમાં નોંધાયેલા નામમાં સુધારો કરવા બાબતે કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયે ૩૦ જૂન ૨૦૧૫માં જાહેરનામું બહાર પાડ્યું હતું, ત્યારબાદ બુધવારે (૨૫ સપ્ટેમ્બર) ગુજરાત આરોગ્ય સચિવ અને કમિશનર દ્વારા આ બાબતે જાહેરનામું રજૂ કરાયું છે. જે મુજબ નોંધણી રજીસ્ટ્રાર નામમાં ફેરફાર રાજ્ય સરકારે જન્મ-મરણ અંગે કેન્દ્ર સરકારની એડવાઈઝરીને માન્ય રાખી હતી, પરંતુ તેમાં ઘણાં પેટા નિયમો અને ઘણી બાબતો બાકી હોવાનું ધ્યાને આવ્યું હતું. જેનો ઉમેરો કરીને નાગરિકોની મુશ્કેલીને હળવી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ જન્મ અને મરણના પ્રમાણપત્રમાં બંને નામ લખવાના રહેશે, પરંતુ બે નામનો સ્વીકાર ન હોય તો રજીસ્ટ્રાર પાસે પૂરાવા સાથે અરજી કરવાની રહેશે. રજીસ્ટ્રારે સુધારાની સત્યતા ચકાસીને બંન્ને નામો નોંધમાં લેવાના રહેશે.

આ જાહેરનામું મહાપાલિકાને મળતા તેનો અમલ કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરાઈ છે. જો કે, ખાસ કરીને સગીરના કેસમાં જ્યારે ડ્રાઈવિંગ લાયસન્સ, ચૂંટણી કાર્ડ જેવા ઓળખપત્રો હોતા નથી, ત્યારે આધાર ઉપરાંત કયાં પુરાવા મેળવવા તે અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.




રજિસ્ટરમાંની જન્મ અથવા મરણની કોઈ નોંધ, તેના સ્વરૂપમાં કે મહત્ત્વની બાબતમાં ભૂલ છે અથવા તે કપટપૂર્વક કે અયોગ્ય રીતે કરવામાં આવેલી છે, તો અરજદાર દ્વારા પૂરા પાડવામાં આવેલા પુરાવાઓની ખાતરી ન થાય ત્યાં સુધી જન્મ તારીખની નોંધમાં ફેરફાર કરવાની મંજૂરી આપવાની રહેશે નહીં.

જ્યારે રજિસ્ટરમાં એન્ટ્રી કરતી વખતે કોઈ કારકુની ભૂલ થયેલ હોય તો. સંબંધિત રજિસ્ટ્રારે આ ભુલને કાયદા અનુસાર સુધારવાની રહેશે. રજિસ્ટરમાં એન્ટ્રી સમયે થયેલી કારકુની ભૂલને કારણે અરજી નકારી શકાશે નહીં રજિસ્ટરમાં એન્ટ્રી કરતી વખતે કોઈ કારકુની ભૂલ હોવાના કારણે જ સંબંધિત રજિસ્ટ્રાર અરજદારની અરજીને નકારી શકશે નહીં.



# જામનગર આહીર સમાજ વિદ્યાર્થી ભવન ખાતે રનિંગ કરતી વખતે હાર્ટ અટેક આવતા યુવકનું મોત

## ભરંડીયા ગામના સરપંચના પુત્રનું એટેક આવતા મૃત્યુ,પંથકમાં ઘેરા શોકની લાગણી

**મુખ્ય સમાચાર,જામનગર**

યુવકના મોતના ઈઈઝટ સામે આવ્યા.જામનગર સહિત રાજ્યમાં યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જોવા મળી રહ્યું છે. ગરબે રમતા યુવકને એટેક આવવાની ઘટના હોય કે પછી જીમમાં કસરત કરતા યુવકને એટેક આવવાની ઘટના હોય. આવી ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે જામનગરમાં એક યુવાનને હાર્ટ એટેક આવતાં તેનું મોત થયું છે. જામનગરમાં આહીર સમાજ વિદ્યાર્થી ભવન ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવકો વહેલી સવારે રનિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન એક યુવકને હાર્ટ એટેક આવતા તે ત્યા મેદાનમાં જ ઢળી પડ્યો હતો. જેથી તેનું મોત થયું છે.જામનગરના લાલપુર તાલુકાના મોટા ભરૂડિયા ગામના યુવકને જામનગરમાં રનીંગ કરતી વખતે એટેક આવ્યો હતો. જેથી તેનું મોત થયું છે. મળતી વિગત અનુસાર યુવકના પિતા મોટા ભરૂડિયા ગામના સરપંચ છે. યુવક સાથે અન્ય મિત્રો પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હતા અને રનિંગમાં સાથે હતા, તે દરમિયાન હળવી દોડ કરતી વખતે યુવકને એટેક આવ્યો હતો. ગ્રાઉન્ડ પર રનિંગ કરતી વખતે યુવક ત્યા જ ઢળી પડ્યો હતો. જોકે, યુવકના મિત્રો યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. પરંતુ યુવકનું હોસ્પિટલમાં પહોંચે તે પહેલા મોત નીપજ્યું હતું. જામનગરની જી જી હોસ્પિટલમાં યુવકને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. જય હેમંતભાઈ જોગલ નામના યુવકને હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું છે. જેથી યુવકના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.હાર્ટ એટેકની સમગ્ર ઘટના ઈઈઝટમાં કેદ થઈ છે. જેમાં જોઈ શકાય છેકે, વહેલી સવારે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા કેટલાક યુવકો ગ્રાઉન્ડ પર રનિંગ કરી રહ્યા છે. આ દરમિયાન જય પણ તેની સાથે રનિંગ કરી રહ્યો હતો. જોકે, થોડીવારમાં જ જઈ



રનિંગ કરતા કરતા જ ત્યા જ ઢળી પડ્યો હતો. જેથી તેના સાથે દોડી રહેલા અન્ય યુવકો ત્યા આવી ગયા હતા. જયને તાત્કાલીક હોસ્પિટલમાં પહોંચાડવાની કામગીરી કરવામાં આવી હતી. જોકે, ત્રણ સેકન્ડમાં જ પજયથની જિંદગીનો પરાજય થયો હતો અને હોસ્પિટલમાં પહોંચે તે પહેલા જ જયનું મોત થયું હતું.

# ધ્રોલ તાલુકાના ખારવા ગામે ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઈન-૨.૦ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઈન-૨.૦ નું ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા મહેસાણાના વિસનગર ખાતેથી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને જામનગર જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયા અને અપીડેમીક મેડીકલ ઓફીસર ડો. એસ.આર.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટોબેકો ફ્રી યુથ કેમ્પેઇન ૨.૦ અંતર્ગત જામનગર જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા ધ્રોલ તાલુકાના ખારવા ગામ ખાતે ગણેશ વિદ્યા સંકુલ શાળા ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ અભિયાન યુવાનોને તમાકુ મુક્ત પેઢી તરફ દોરવા અને ખાસ કરીને તંદુરસ્ત અને ઉજળા ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરવા માટેનું એક મજબૂત પગલું છે.તમાકુ વ્યસનની દુનિયાનું પ્રથમ પગથિયું છે.

ગ્લોબલ યુથ ટોબેકો સર્વે ૨૦૧૯ પ્રમાણે, ગુજરાતમાં ૧૩-૧૫ વર્ષની ઉંમરના લગભગ ૫.૪% વિદ્યાર્થીઓ તમાકુનો ઉપયોગ કરે છે. ખાસ કરીને યુવાનો, જે મિત્ર દબાણ, જાહેરાતો, અને તમાકુ પ્રોડક્ટ્સની સરળ ઉપલબ્ધતા દ્વારા પ્રભાવિત થાય છે, તે સૌથી વધુ સંવેદનશીલ ગ્રુપ છે.ટોબેકો ફ્રી યૂથ કેમ્પેઈન-૨.૦ cotpa ૨૦૦૩ ને ધ્યાનમાં રાખીને મુખ્ય ૪ વ્યૂહરચના પર આવનાર ૬૦



દિવસમાં જામનગર જીલ્લામાં ૬૦ જેટલી તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા (TOFEI), ૨૦ જેટલા તમાકુ-સ્મોક ફ્રી વિલેજ, ૧૬ જેટલી COTPA ૨૦૦૩ અને ।યભફ એક્ટનું સખત અમલવારી માટે ઈન્ફોર્સમેન્ટ રેઈડ કરવી અને સોશ્યલ મીડિયાને સંલગ્નતા સર્જનાત્મક કૃતિઓ, સૂત્રો, અને કન્ટેન્ટેટ નિર્માણ તેમજ ડોકટરો સાથે સામૂહિક ટોક શો, સાક્ષાત્કાર, અને શૈક્ષણિક વિડિયો સોશ્યલ મીડિયામાં શેર કરી જન જાગૃતી ફેલાવવામાં આવશે.

# હળવદના રાયધ્રા ગામે સોનાના દાગીના ભરેલ પાકીટની ચોરીનો ભેદ ઉકેલાયો

## હળવદ પોલીસે ચોરી કરનાર આરોપીને ઝડપી લઈ ચોરીમાં ગયેલ તમામ ઘરેણાં રિકવર કર્યા

**મુખ્ય સમાચાર,હળવદ**

હળવદ તાલુકાના રાયધ્રા ગામે ખેડૂતના મકાનના રૂમના કબાટમાં રાખેલ સોનાના દાગીના કિ.રૂ.૧.૯૦ લાખના ભરેલ પાકીટની ચોરીની ફરિયાદ નોંધાવ્યાની ગણતરીના દિવસોમાં હળવદ પોલીસ ટીમ દ્વારા ચોરીનો ભેદ ઉકેલી ચોરી કરનાર આરોપી મૂળ ઉત્તરપ્રદેશનો વતની હાલ ચરાડવા ગામે રહી ટાઈલ્સ ચોંટાડવાનો કામગીરી કરતો હોય તેને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી ચોરી કરેલ તમામ સોનાના દાગીના રિકવર કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હળવદ તાલુકાના રાયધ્રા ગામે રહેતા ખેડૂત નવઘણભાઈએ ગત તા.૨૪/૦૯ના રોજ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું હતું કે તા.૧૩/૦૭ થી ૧૯/૦૭ દરમિયાન પોતાના રહેણાંક મકાનના રૂમના કબાટમાં રાખેલ આશરે ૫ તોલા





સોનાના દાગીના ભરેલ પાકીટની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કર્યા અંગે ફરિયાદ નોંધાવી હતી.જે અનુસંધાને હળવદ પોલીસે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હોય ત્યારે હળવદ પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય દરમ્યાન કોન્સ.દિપકસિંહ દશરથસિંહ કાઠીયા તથા કોન્સ.રણજીતસિંહ અરજણભાઈ રાઠોડને મળેલ બાતમી આધારે ઘરફોડ ચોરીના ગુન્હામાં સંડોવાયેલ આરોપી રાજકુમાર ભગવાનસિંગ સાગર ઉવ.૨૬ હાલ રહે.ગોપાલનગર સોસાયટી ચરાડવા ગામ તા.હળવદ મુળરહે. ડૌરાઈ ગામ જી.અલીગઢ(ઉત્તરપ્રદેશ)ને પકડી પાડી ગુન્હાનો ભેદ ઉકેલી ચીરીમાં ગયેલ સોનાના દાગીના કિ.રૂ. ૧.૯૦ લાખનો તમામ મુદામાલ રીકવર કરવામાં આવ્યો છે. હાલ આરોપી પકડી લઈ હસ્તગત કરી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# માળીયા(મી) પોલીસના અલગ અલગ ત્રણ દરોડામાં વર્લીફિચર્સના આંકડાનો જુગાર રમતા ત્રણ ઝબ્બે

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) પોલીસે ટાઉનમાં તેમજ ખાખરેચી ગામ તથા વવાણીયા ગામે રેઈડ કરી જાહેરમાં વર્લીફિચર્સના આંકડાનો જુગાર રમી રહેલા ત્રણને ઝડપી લેવાયા છે.

પ્રથમ દરોડાની પ્રાપ્ત માહિતી મુજબ માળીયા(મી)માં મેઈન બજારમાં આવેલ પોસ્ટ ઓફીસ પાછળ અવાવરું જગ્યામાં નોટબુકમાં વર્લી ફિચર્સના આંકડાઓ લખી પૈસાની હારજીતનો જુગાર રમતા દોશમામદભાઈ મામદભાઈ કટીયા ઉવ.૫૦ રહે.માળીયા મીં. વાડા વિસ્તારવાળાને પોલીસે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂ.૪૫૦/-જપ્ત કર્યા હતા.

બીજા દરોડામાં માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાખરેચી ગામના બસ સ્ટેન્ડ નજીક વર્લીના આંકડાનો જુગાર રમતા આરોપી હાર્દિક કાંતિભાઈ અઘારા ઉવ.૨૭ રહે. ખાખરેચી ગામવાળાની અટકાયત કરવામાં આવી છે. ત્યારે પોલીસે આરોપી પાસેથી વર્લી આકડાંનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૪૨૦/-નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

જ્યારે ત્રીજા દરોડામાં માળીયા તાલુકાના વવાણીયા ગામે ઝાંપા નજીક જાહેરમાં વર્લી ફિચર્સના આંકડા ઉપર રૂપિયાની લેતી દેતી કરી નસીબ આધારિત હારજીતનો જુગાર રમતા નિજામ ગનીભાઈ કટીયા ઉવ.૩૦ રહે.તાલુકા શાળા પાછળ માળીયા(મી)વાળાને પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે આરોપીના કબ્જામાંથી વર્લી આકડાંના જુગાર રમવાનું સાહિત્ય તથા રૂ.૪૭૦/-રોકડા સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધીને આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં સામાન્ય બાબતની બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ માતા અને પતિ-પત્નીને માર માર્યાની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના કંડલા બાયપાસ રોડ ઉપર ડીવાઈન પાર્ક સત્ય-બી એપાર્ટમેન્ટના પાર્કિંગમાં ચપ્પલ પહેરીને ચાલવાની લેડીઝ-લેડીઝ વચ્ચેની સામાન્ય બોલાચાલી બાબતનો ખાર રાખી એપાર્ટમેન્ટમાં જ રહેતા ચાર શખ્સો દ્વારા ભોગ બનનાર આધેડ તેના પત્ની તથા માતાને એપાર્ટમેન્ટની છત ઉપર બોલાવી આધેડને અપશબ્દો આપી લાકડાના ધોકા અને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. ત્યારે છોડાવવા વચ્ચે પડેલ માતા તથા પત્નીને પણ બેફામ ઢીકા પાટુનો માર મારવામાં આવ્યો હતો ત્યારે સમગ્ર બનાવ બાબતે એપાર્ટમેન્ટમાં જ રહેતા ચારેય આરોપીઓ સામે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના કંડલા બાયપાસ રોડ કામધેનુની સામે ડીવાઈન પાર્કમાં આવેલ સત્ય-બી અલર્ટમેન્ટમાં બ્લોક નં.૩૦૧ માં રહેતા નરેન્દ્રભાઈ છગનભાઈ પાંચોટીયા ઉવ.૪૨ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી (૧)મનોજભાઈ રમણીકભાઈ આદ્રોજા, (૨)વિશાલભાઈ અમરશીભાઈ ઘોડાસરા, (૩)નિલેશભાઈ પ્રભુભાઈ બારૈયા, (૪)ભાવીકભાઈ કારૂભાઈ વિરમગામા રહે.તમામ સત્ય-બી અપાર્ટમેન્ટવાળા સામે ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા. ૨૪/૦૯ ના રોજ બપોરના સમયે ફરિયાદી નરેન્દ્રભાઈના માતા સવિતાબેન સત્ય-બી એપાર્ટમેન્ટમાં ચાલીને જતા હતા ત્યારે આરોપી વિશાલભાઈ ઘોડાસરાના માતાએ તેમને કહ્યું કે ચપ્પલ હાથમાં લઈને ચાલો પાર્કિંગ બગડે છે જે બાબતે લેડીઝ-લેડીઝ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હોય જેનો ખાર રાખી તે જ દિવસે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં નરેન્દ્રભાઈ મોબાઈલમાં ફોન કરી આરોપી મનોજભાઈએ તેઓને તથા તેમની પત્ની શોભનાબેન તથા માતા સવિતાબેન એમ ત્રણેયને એપાર્ટમેન્ટની છત ઉપર બોલાવ્યા જેથી ત્રણેય એપાર્ટમેન્ટની છત ઉપર ગયા ત્યારે ઉપરોક્ત ચારેય આરોપીઓ ત્યાં હાજર હોય જે નરેન્દ્રભાઈને ગાળો આપવા લાગ્યા ત્યારે ગાળો આપવાની ના પાડતા ચારેય આરોપીઓ લાકડાના ધોકા તથા ઢીકાપાટુનો નરેન્દ્રભાઈને માર મારવા લાગ્યા જેથી વચ્ચે છોડાવવા સવિતાબેન તથા શોભાનાબેન પડતા ચારેય આરોપીઓ દ્વારા બંને મહિલાને પણ ઢીકા પાટુનો માર મારવા લાગ્યા, જે બાદ નરેન્દ્રભાઈ તેમની માતા અને પત્નીને લઈને ત્યાંથી જતા હોય ત્યારે આરોપીઓએ કહેલ કે આજ બચી ગયા છો હોવી માથાકૂટ કરી છે તો જાનથી મારી નાંખશું તેવી ધમકી આપી હતી. હાલ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી તમામની અટક કરવા તજવીજ હાથ ધરી છે.

# ટ્રાફિક, આરટીઓ અને ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની પ્રશંસનીય કામગીરી, પદયાત્રીઓને સહાય



જામનગર થી મોટી સંખ્યામાં પદયાત્રીઓ જામનગર થી કચ્છ માતાના મઢ સુધીની પદયાત્રા કરે છે. તેઓની સુરક્ષા ના ભાગરૂપે જામનગરની ટ્રાફિક શાખા, આરટીઓ કચેરી, અને ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ખીજડીયા બાયપાસ નજીકના રોડ પર પદયાત્રીઓની જીવની સુરક્ષા ના ભાગરૂપે તેઓને રેડિયમ રીફલેક્ટર લગાવીને જાન માલની સુરક્ષા અર્થેની પ્રશંસનીય કામગીરી કરી હતી.જામનગર થી કચ્છ તરફ આશાપુરા માતાજીના દર્શન અર્થે પગપાળા ચાલીને જઈ રહેલા પદયાત્રાળુઓ માટે ગઈકાલે રાત્રિના જામનગરની ટ્રાફિક શાખા તેમજ આરટીઓ કચેરી ની ટીમ અને ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ખીજડીયા બાયપાસ પાસે વિશેષ કેમ્પ રાખવામાં આવ્યો હતો, અને પદયાત્રીઓની સુરક્ષા ના ભાગરૂપે તમામ અધિકારી અને કર્મચારીઓની ટીમ દ્વારા પદયાત્રીઓના સર સામાન વગેરે ઉપર રેડિયમ પટ્ટી લગાવીને પદયાત્રીના જીવની સુરક્ષા માટેની પ્રશંસનીય કામગીરી કરી હતી. આ વિશેષ કામગીરીને લઈને તમામ પદયાત્રીઓએ પણ ટ્રાફિક શાખા સહિતની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જો વકફ બોર્ડ હોય તો સનાતન હિન્દુ બોર્ડ પણ હોવું જોઈએ મોરબીમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનું મહત્વનું નિવેદન

**મુખ્ય સમાચાર,મોરબી**

બાગેશ્વર ધામના પીઠાધિશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આજે મોરબીના આંગણે પધાર્યા છે. મોરબી પાસેના ખોખરા હનુમાન હરિહરધામ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ ચાલી રહી છે. ત્યારે આ કથામાં હાજરી આપવા ખાસ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી પધાર્યા છે. જ્યાં તેઓએ અનેક મુદ્દે નિવેદન આપ્યા હતા.

મોરબીના ખોખરા હરીહર ધામ ખાતે મહામંડલેશ્વર કનકેશ્વરી દેવીજી તથા અન્ય સંતો અને સેવક ગણ દ્વારા શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં બાગેશ્વર ધામના પીઠાધિશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આજે ખાસ હાજર રહ્યા હતા. ત્યારે તેઓએ મીડિયા સાથેની વાતચીતમાં મહત્વનું નિવેદન આપ્યું હતું. તેઓએ કહ્યું હતું કે, મંદિરોને સુરક્ષિત રાખવા હોય તો સરકારે તાત્કાલિક સનાતન હિન્દુ બોર્ડની રચના કરવી જોઈએ. જો વકફ બોર્ડ હોય તો સનાતન હિન્દુ બોર્ડ પણ બની શકે છે. સાથે જ એક ગૌશાળા પણ અનિવાર્ય હોવી જોઈએ.

ધીરેન્દ્ર શાસ્ત્રીએ વધુમાં કહ્યું હતું કે, હું દેશમાં દંગા નહિ ગંગા ઈચ્છું છું. હિન્દુ મુસલમાન નથી કરતો હું હિન્દુ હિન્દુ કરું છું.. મારા બાપને બાપ કહું એમાં પણ બીજાને તકલીફ પડે છે. કુંભકર્ણ પછી કોઈ સુતું છે તો એ હિન્દુ સૂતો છે. મારે નેતા નથી બનવું મારે તમારી પાસે વોટ નથી જોતા, મારો એક જ ઉદેશ્ય છે કે, આવતી પેઢીને કાશ્મીરની જેમ પ્રદેશ છોડીને ભાગવું ન પડે. બહેન દીકરીઓના ૩૦ ટુકડા ન



થાય, માછલીના તેલ વાળો પ્રસાદ ભગવાનને ન ચડે તે માટે પાલઘરની જેમ સંતો પર હવે કોઈ આંગળી ન ઉઠાવે. રામના રાષ્ટ્રમાં રામના હોવાનો કોઈ પુરાવો ન માંગે, ૧૦૦ હિન્દુ વચ્ચે દશ મુસલમાન સુરક્ષિત છે. ૧૦૦ મુસલમાન વચ્ચે એક હિન્દુ સુરક્ષિત નથી.હિન્દુઓએ હવે ક્રાંતિ કરવી પડશે અને ગાયને રાખવાનું શરૂ કરવું પડશે.હિન્દુઓએ હવે ક્રાંતિ કરવી પડશે અને ગાયને રાખવાનું શરૂ કરવું પડશે.

# હળવદના નવા ઘનશ્યામગઢ ગામે જુગટુ રમતા ૭ ને રોકડા ૨.૩૦ લાખ સાથે પકડી લેવાયા

હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે નવા ઘનશ્યામગઢ ગામે અમુક શખ્સો ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલ હોય જેથી તુરંત નવા ઘનશ્યામગઢ ગામ ખાતે રેઈડ કરતા પૈસાની હારજીતનો ત્રણ પાનાના જુગારની બાઝી માંડી બેઠેલા બાલુભાઈ ગોરધનભાઈ સુરાણી ઉવ.૫૫ રહે.નવા ઘનશ્યામગઢ, જયેશભાઈ ભુદરભાઈ ગોપાણી ઉવ.૩૫ રહે.નવા ઘનશ્યામગઢ, વિનોદભાઈ ચંદુભાઈ એરવાડીયા ઉવ.૪૦ રહે.નવા ઘનશ્યામગઢ, વિપુલભાઈ કાળુભાઈ ઝીંઝુવાડીયા ઉવ.૪૦ રહે.ટીકર, રજનીકાંત ગુણવંતરાય નિમાવત ઉવ.૩૫ રહે.ઈંગોરાળા ગામ, યોગરાજસિંહ ધીરૂભા ઝાલા ઉવ.૪૭ રહે. હળવદ શ્રીજી દર્શન સોસાયટી તથા યુવરાજસિંહ નટુભા ચુડાસમા ઉવ.૪૧ રહે.ધ્રાંગધ્રા પુનિતનગરને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. હળવદ પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂ.૨,૩૦,૩૦૦/- કબ્જે કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ૬૨ વર્ષીય વૃદ્ધનું હૃદયરોગના હુમલામાં મોત

મોરબીમાં વધુ એક હાર્ટ એટેકમાં મૃત્યુનો બનાવ સામે આવ્યો છે જેમાં મોરબીના એસપી રોડ ઉપર આવેલ ઇડનગાર્ડન ડી વીંગ્સ બ્લોક નં.૧૦૦૧માં રહેતા દિનેશચંદ્ર મોહનભાઇ ઘાટોડીયા ઉવ.૬૨ ગઈકાલે તા.૨૫/૦૯ના રોજ બપોરના અરસામાં પોતાના ઉપરોક્ત રહેણાંકે હોય ત્યારે તેઓને જોરદાર હૃદય હુમલો આવતા તેમનું હૃદય બેસી ગયું હોય ત્યારે સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં ફરજ પર હાજર ડોક્ટરે દીનેશચંદ્રને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. મૃત્યુના બનાવ અંગેની મૃતકના મોટાભાઈ પાસેથી પ્રાથમિક વિગતો મેળવી હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી શકત શનાળા નજીક રાજપર ચોકડીએ સર્કલ બનાવવા માંગ કરાઈ

## મોરબી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખે મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી

મોરબી થી રાજકોટ જતાં હાઈવે ઉપર શનાળા-રાજપર ચોકડીએ વારંવાર થતા ટ્રાફિક જામની પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ અકસ્માતના નાના મોટા બનાવો નિવારવા મોરબી તાલુકા કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ કોટડીયા દ્વારા આ જગ્યાએ સર્કલ બનાવવાની મંગ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે. આ સાથે તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા કરવામાં આવેલ રજુઆતમાં તેમણે જણાવ્યું કે મોરબી થી રાજકોટ જતાં હાઈવે ઉપર શનાળા-રાજપર ચોકડીએ અવારનવાર ટ્રાફીકની સમસ્યા રહે છે. જેના કારણે કલાકો સુધી વાહનોની લાંબી કતારો જોવા મળે છે. તેમજ આ ચોકડીએ સર્કલ ન હોવાના કારણે અકસ્માતો પણ બને છે. આ ચોકડીએ સવાર તથા સાંજના સમયે વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ તથા રાહદારીઓ સમયસર જે તે સ્થળે પહોંચી શકતા નથી. જેના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેથી ઉપરોક્ત બાબત ધ્યાને લઈ મોરબી થી રાજકોટ જતાં રસ્તામાં શનાળા-રાજપર ચોકડીએ સર્કલ બનાવી આપવા આપની કક્ષાએથી ઘટિત કાર્યવાહી કરવા વિનંતીસહ માંગણી કરવામાં આવી હતી.

# જામનગર જીઆઈડીસી પાસે થી રૂ.૯ લાખનો માલ ભરેલી ૫ રિક્ષા કબ્જે કરાઈ

- જીએસટી મોબાઈલ સ્કવોડનો દરોડો, રૂા. ૧.૬૦ લાખ દંડની વસૂલાત

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં જીઆઈડીસી કનસૂમરા રોડ પર જીએસટી મોબાઈલ સ્કવોડે ચેકીંગ કાર્યવાહી દરમ્યાન રૂ.૯ લાખનો માલ ભરેલી ૫ છકડો રીક્ષા કબ્જે કરી હતી. ત્યારબાદ તપાસ કરતા અમુક રીક્ષામાં બીલ અને અન્ય દસ્તાવેજો ન હોય રૂ.૧.૬૦ લાખ દંડની વસૂલાત કરવામાં આવી હતી. જો કે, જરૂરી દસ્તાવેજો દેખાડતા અમુક રીક્ષાને મુકત કરાઈ હતી.

જામનગરમાં જીઆઈડીસી કનસૂમરા રોડ પર જીએસટીની



મોબાઈલ સ્કવોડની ટીમ મંગળવારે ચેકીંગમાં હતી. આ દરમ્યાન માર્ગ પરથી બ્રાસપાર્ટ, હાર્ડવેર સહિતનો માલ-સામાન ભરેલી ૫ છકડો રીક્ષા નીકળી હતી. જેને અટકાવી મોબાઈલ સ્કવોડના અધિકારીઓ લાલબંગલા સ્થિત કચેરીએ લાવ્યા હતાં. જયાં અધિકારીઓએ જરૂરી દસ્તાવેજો અને બીલની તપાસણી કરી હતી. પરંતુ અમુક રીક્ષામાં ભરેલા પેઢીના માલ-સામાનના બીલ અને અન્ય દસ્તાવેજો ન હોય સંબધિત પેઢી પાસેથી રૂ.૧.૬૦ લાખના દંડની વસૂલાત કરવામાં આવી હતી. જયારે જરૂરી બીલ અને દસ્તાવેજોની પૂર્ત કરનાર રીક્ષાને મુકત કરવામાં આવી હતી. મોબાઈલ સ્કવોડના દરોડાના પગલે કારખાનેદારોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

# જામનગરમાં ડીપી રોડમાં બાંધકામો કપાતમાં જતા સ્થાનિકો દ્વારા વિરોધ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વામીનાયારણનગરથી ગાંધીનગર તરફ જતા માર્ગનો ડીપી રોડ મંજુર કરાયો છે. જેની કપાતમાં આવતા આશરે ૩૩૧ બાંધકામોને નોટીસ આપવામાં આવી હતી. જેની ત્રણ દિવસ સુનવણી ચાલી. શહેરના માર્ગની જરૂર હોય તેથી ડીપી માર્ગ કરવા તંત્રની અમલવારી શરૂ તો બીજી તરફ જેના બાંધકામો કપાતમાં આવે છે. તેમનો વિરોધ વ્યકત કર્યો.

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વામી નારાયણનગર પાછળ નવાગામ ઘેડથી ગાંધીનગર સુધીના ૩ કીલોમીટરનો માર્ગ બનાવાનો છે. જે પટ્ટામાં ૩૩૧ મકાનો દુર કરવા નોટીસો અપાયા આવી હતી. જે કપાતમાં બાંધકામો આવે છે



તેમના દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે.

ત્રણ દિવસ સુનવણીમાં કરવામાં આવી છે. ટુંક સમયમાં આ ડીપી કપાતની અમલવારી કરીને માર્ગ બનાવવામાં આવશે.વિસ્તારના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરે પણ શાસકો, અધિકારી અને બીલ્ડરની મિલીભગતથી આ રોડનો પ્લાન તૈયાર કર્યા હોવાનો આક્ષેપ કર્યો. સ્થાનિકોએ પોતાના મકાન ના પાડવા માટે રજુઆત કરી હતી. જેના મકાનો આ ડીપી કપાતમાં આવતા હોય તેવા લોકો બેઘર થવાની શકયતા દર્શાવી. અન્ય માર્ગને પહોળા કરવાની સ્થાનિકોએ માંગ કરી.

# રાજકોટ સહિત ચાર મહાનગરોમાં ફાઈવ-E ટ્રાફિક વ્યવસ્થા

## માર્ગો પરના દબાણ હટાવવા, ઢોરની સમસ્યા દુર કરવા અને નિયમિત રીતે માર્ગોની જાળવણી થાય તે જવાબદારી ડે.મ્યુનિ. કમિશ્નર કક્ષાના અધિકારીને અપાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં મહાનગરો સહિતના વિસ્તારોમાં સતત વણસતી જતી ટ્રાફિક વ્યવસ્થા ઉપરાંત રખડતા ઢોર સહિતના મુદ્દે અનેક વખત હાઈકોર્ટની ફટકારનો ભોગ બન્યા બાદ આખરે ગુજરાત સરકારે પ્રારંભિક તબકકામાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ચાર શહેરોમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે પાંચ મુદાનો કાર્યક્રમ અમલમાં મુકવા તૈયારી કરી છે.


આ અંગે તમામ ચાર મહાનગરપાલિકાઓને એક પરિપત્ર પણ ઈસ્યુ કરી દેવામાં આવ્યો છે. રાજય સરકારના આદેશ મુજબ પાંચ E ક્ષેત્રમાં કામ કરીને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો થાય તે જોવા નિર્ણય લીધો છે. જેમાં એન્જીનીયરીંગ એટલે કે શહેરી અને તેની સાથે જોડાયેલા હાઈવે માર્ગોના મકાનો તેની આસપાસના દબાણો અને સરળતાથી ટ્રાફિક વ્યવસ્થા પસાર થઈ શકે છે તે માટે મજબુત લેન વ્યવસ્થા તેમજ સતત નજર રાખવા સીસીટીવી સહિતની મોનીટરીંગનો સમાવેશ થાય છે અને તેમાં જયાં ટ્રાફિક સતત ગીચ રહેતો હોય ત્યાં ખાસ ટ્રાફિક જંકશન ઉભા કરીને રાહદારીઓ માટે ખાસ વ્યવસ્થા અને ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલર પોતપોતાની લેન ઉપર માર્ગો પર દોડતા રહે તે જોવામાં આવશે અને આ માટે એન્ફોર્સમેન્ટને મહત્વ અપાશે.

એક વખત માર્ગમાં ટ્રાફિક જાળવણી સહિતની વ્યવસ્થા થઈ ગયા બાદ તેના અમલ માટે મહાનગરપાલિકા અને પોલીસની એક સંયુકત મોનીટરીંગ કમીટી બનશે જે દર ૧૫ દિવસે ટ્રાફિક વ્યવસ્થા અંગે સમીક્ષા કરશે. અકસ્માત ઝોન ઓળખીને ત્યાં ફરી એ પ્રકારના અકસ્માતો ન થાય તે નિશ્ચિત કરશે જયારે ત્રીજા તબકકામાં એન્કરેજમેન્ટ એટલે લોકોને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે અને ટ્રાફિકના નિયમો તથા કાનુન પાલન કરે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને બીજી તરફ વારંવાર ટ્રાફિક ભંગ કરનાર સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત એજયુકેશન એટલે કે જે લોકો લર્નિંગ સહિતના લાયસન્સો મેળવે છે તેઓને ભાગ્યે જ ટ્રાફિકના નિયમો અંગે માહિતી હોય છે અને તેથી જ શાળાઓથી લઈ કોલેજોમાં અને સામાન્ય નાગરિકો માટે પણ ટ્રાફિકના નિયમોની જાળવણી અંગેના ખાસ આયોજનો થશે.

જયારે પાંચમા E માં ઈ-વેલ્યુએશન સમગ્ર વ્યવસ્થાનું સતત અપગ્રેડેશન થાય અને તેમાં જે કંઈ ક્ષતિઓ હોય તેમજ કાનુન અને નિયમોમાં સુધારાની જરૂર હોય તે પણ નિશ્ચિત કરાશે. દરેક મહાનગરોમાં ડે.કમિશ્નર અને ડીસીપીના અધ્યક્ષ પદ હેઠળ એક કમીટી બનશે.

તે દર ૧૫ દિવસે આ કમીટી જે તે વ્યવસ્થાની સમીક્ષા કરશે. એટલું જ નહીં મહાનગરપાલિકા દ્વારા માર્ગોની જાળવણી યોગ્ય રીતે થાય, માર્ગો ઉપર સર્જાયેલા દબાણો દુર થાય અને રખડતા ઢોર સહિતની સમસ્યા પણ ન રહે તે જોવાની જવાબદારી નાંખવામાં આવે છે પોલીસ એ ટ્રાફિક જાળવણી માટે કામ કરશે અને ચારે મહાનગરોમાં જે કંઈ વ્યવસ્થા ઉભી થશે તેની દર બે મહિને ગૃહ વિભાગ તેમજ શહેરી વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરીની કમીટી સમીક્ષા કરશે અને જરૂરી નિર્ણયો લેશે. ગુજરાતમાં સતત વધતા જતા વાહનો અને સાંકડા થતા જતા માર્ગોને કારણે ટ્રાફિકની સમસ્યા હવે અત્યંત ખરાબ સ્થિતિમાં પહોંચી છે. ટ્રાફિક મેનેજમેન્ટ માટે રાજય સરકારે હવે ગંભીરતાથી વિચારવાનું શરૂ કરી દીધુ છે.



એન્જીનીયરીંગ : ટ્રાફિક જાળવણી માટે માર્ગ–બાંધકામ જાળવણીની વ્યવસ્થા


એન્ફોર્સમેન્ટ : ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માર્ગો ઉપર ખાસ પોઈન્ટ

એન્કરેજમેન્ટ : ટ્રાફિક પાલન માટે લર્નિંગ લાયસન્સથી સિનીયર સીટીઝન સુધી પ્રોત્સાહન યોજના

એજ્યુકેશન : લોકોને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અંગે માહિતી આપવા ખાસ કેમ્પ

ઈ–વેલ્યુએશન : સતત મોનીટરીંગ : રાજ્ય કક્ષાએ ગૃહ અને શહેરી વિકાસ સચિવની કમીટી નજર રાખશે

## જૈન ભાજપ અગ્રણી મયુર શાહની એરપોર્ટ એડવાઈઝરી કમીટીમાં નિમણુંક



શ્રી પંચનાથ હોસ્પીટલ ના સેક્રેટરી અને રાજકોટ શહેર ભાજપ કોષાધ્યક્ષ મયુર શાહ ની એરપોર્ટ એડવાઈઝરી કમીટી – રાકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ના સદસ્ય તરીકે એરપોર્ટ એડવાઝરી ના ચેરમેન અને લોકસભા ના સાંસદ માનનીય શ્રી પરસોત્તમભાઈ રૂપાલા દ્વારા કરવા માં આવી છે. મયુર શાહ ની સામાજીક અને રાજકીય સેવા ઓ ને ધ્યાન માં લઈ આ નિમણુંક કરવા માં આવી છે. હાલ મયુર શાહ શ્રી પંચનાથ સાર્વજનિક હોસ્પીટલ, નિઃશુલ્ક ચાલતી શ્રી પંચનાથ એનીમલ હોસ્પીટલ અને શ્રી પંચનાથ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ તેમજ દરરોજ ૫૦૦ થી વધુ જૈન સાધર્મિક લોકો ને માત્ર ૧૦ રૂપિયા ના ટોકન દરે સવાર સાંજ ભોજન આપવા માં આવે છે તે જૈન સંકલ્પ ટ્રસ્ટ ના ટ્રસ્ટી તરીકે તેમજ રાજકોટ શહેર ભાજપ ના કોષાધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે. તાજેતર માં જ મયુર શાહ ને પ્રતિષ્ઠીત ગાર્ડી એવોર્ડ, પ્રાઈડ ઓફ રાજકોટ તેમજ સ્ટાર ઓફ સોરાષ્ટ્ર એવોર્ડ થી નવાજવા માં આવેલ.

## મોરબીના શોભેશ્વર રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગારની મહેફિલ માણતા ચાર ઝડપાયા



મોરબી બી ડિવિઝન પોલીસે શોભેશ્વર રોડની ધાર પાસે જાહેરમાં તીનપત્તીના જુગારની મજા માણતા ચાર પત્તાપ્રેમીઓની અટક કરી હતી. જેમાં વિજયભાઈ નટુભાઈ બાવરવા ઉવ.૩૬ રહે ગામ ત્રાજપર, રાજેશભાઈ લક્ષ્મણભાઈ ઢવાણીયા ઉવ.૩૮ રહે.ગામ મોટા દહિસરા તા.માળીયા(મી), અશોકભાઈ ધનજીભાઈ ગણેશીયા ઉવ.૩૫ રહે.ત્રાજપર ખારી રામકુવા વાળી શેરીમાં મોરબી–૨, અમીતભાઈ કાનજીભાઈ વરાણીયા ઉવ.૧૯ રહે.શોભેશ્વર રોડ મોરબી–૨ ને સીટી બી ડિવિઝન પોલીસે ઝડપી લીધેલ છે. પોલીસે સ્થળ ઉપરથી રૂપિયા ૧૦,૬૦૦/–ની રોકડ રકમ કબ્જે લીધી હતી. આ સાથે તમામ આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ઢોર ડબ્બામાં થયેલા ૭૫૬ ગાયોના મોતના જવાબદારો સામે કડક માં કડક પગલા ભરવા આમ આદમી પાર્ટી ના માલધારી સેલની માગ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ મહાનગર પાલિકાના ઢોર ડબ્બામાં છેલ્લા ત્રણ માસમા ઘાંસચારા, પાણી, ગંદકી અને સારવારના અભાવે ૭૫૬ ગાયોના મોત થયા છે આ મોત પાછળ જીવ દયા ટ્રસ્ટના જવાબદાર રાજેન્દ્ર શાહ તેના પુત્ર યશ શાહ તથા મુખ્ય વેટરનીટી ઓફિસર ભાવેશ ઝાકાસણીયા પર તાત્કાલીક ધોરણે કડકમાં કડક પગલાં ભરી જેલ ભેગા કરવામાં આવે તથા અન્ય કર્મચારીઓની પણ તપાસ કરી ને જવાબદારો સામે યોગ્ય પગલા ભરવામાં આવે એવી માંગ આમ આદમી પાર્ટીના માલધારી સેલ દ્વારા કરવામાં આવી હતી .

આ એક મોટું કૌભાંડ છે જેમાં જીવ દયા ઘરના રાજેન્દ્રશાહ તથા તેના પુત્ર યશ શાહ તથા ભાવેશ ઝાકાસણીયાની મીલી ભગત છે. જેને ઢોર ડબ્બાનો કોન્ટ્રકટ અપાયો છે તે જીવ દયા ટ્રસ્ટ નામની એજન્સી એ પશુઓની યોગ્ય સંભાળ ના કરવાથી તથા જરૂરીયાત મુજબ કોઈ તબીબ રાખ્યા જ નથી તેના અભાવે મોત થયા છે આ ઉપરાંત ઢોર ડબ્બામાં ક્ષમતા પણ વધારે પશુ હોવા છતાં જીવ દયા ઘરના રાજેન્દ્ર શાહ અને તેના પુત્ર યશ શાહે ગેરકાયદેસર રીતે ૧૨૦ ખાનગી ઢોર પોતાના ત્યાં રાખ્યા હતા. આ ઢોર અને ઢોર ડબ્બાને પોતાની માલિકીની ગૌશાળા બનાવને રાજય સરકાર પાસેથી ગ્રાન્ટ ખાધી છે તેમજ દેશ વિદેશમાંથી દાનપૂર્ણ પણ મેળવ્યુ છે એટલુ જ નહી આજીડેમ મનપાના પક્ષી ઘરમાં મકરસંક્રાતીએ પક્ષી સારવાર કેમ્પ રાખવાનું કહી આખા પક્ષી ઘર પર જ ગેરકાયદેસર કબજો જમાવી દીધો છે. રાજકારણીઓના સહયોગથી નામ વટાવીને તેમજ એનિમલ વેલ્ફેર બોર્ડ સહિતની સંસ્થાઓના નામે અધિકારીઓને દબાવી રાજેન્દ્રશાહ અને જય શાહે પોતાની મનમાની કરી છે. જવાબદારો સામે યોગ્ય પગલાલ ભરવામાં અઆવે જો યોગ્ય પગલા નહી ભરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## જય ભીમનગર, નાના મોવા પી.પી.પી. યોજના 2013 રદ કરવા માંગ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

જય ભીમનગરના રહેવાસીઓ અને પી.પી.પી. આવાસ યોજના–૨૦૧૩ અંતર્ગત આવતાં અસરગ્રસ્તોની માંગણીને ધ્યાનમાં રાખી હાલની રાજકોટ નાનામોવાના સર્વે નં.૧૨૩ પૈકીની ટીપી ૨૦ નાનામવા, એફપી. નં.૫૪, ૫૫/૧ અને ૫૪ બી જમીન બાબતે મનઘડત અને ષડયંત્રકારી પી.પી.પી. આવાસ યોજના ૨૦૧૩ રદ કરવા મહાપાલીકા કમિશનરને આવેદન આપ્યું હતું. જેમા જણાવ્યું હતુ કે, પી.પી.પી. આવાસ યોજના–૨૦૧૩ નું અગાઉ સને–૨૦૧૪ થી રજુઆતો અને કોર્ટ કાર્યવાહી ચાલુ હોવા છતાં પી.પી.પી. યોજના–૨૦૧૩ માં ગરીબ અને મજુર એન શ્રમજીવી અનુ. જાતિના પછાત વર્ગના લોકોના ઘર તથા ધંધા રોજગારવાળી જગ્યા ઉપર ઈરાદા પૂર્વક પી.પી.પી. યોજના–૨૦૧૩ ભીમનગરના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જે મુળ ટેન્ડર પ્રક્રિયાને લાગુ કરાવી પોતાના માનીતા ભૂમાફીયા બિલ્ડરોને લાભ અપાવવાના ગુપ્ત સાજીસના ભાગરૂપે મુડીવાદી જમીન માફીયાઓને આર્થીક લાભ આપવાનું મોટું કૌભાંડ ચાલુ રહયું હોય તેવું જણાય આવે છે. જેથી નીચે મુજબના મુદાઓ અને રજુઆતને ધ્યાને લઈ પી.પી.પી. યોજના–૨૦૧૩ ને રદ કરવા વિનંતી કરી હતી. વધુમાં આ પી.પી.પી. યોજના–૨૦૧૩ મહાનગરપાલીકા પાસે બીજી ખુલ્લી જગ્યા હોવા છતાં હાલની પી.પી.પી. યોજના–૨૦૧૩ માં ગરીબ અને મજુરવર્ગના અનુ.જાતિના શ્રમજીવી લોકોના ઘર તથા ધંધા રોજગાર વગરના કરવા આ જગયા ઉપર ઈરાદાપૂર્વક પી.પી.પી. યોજના–૨૦૧૩ જયભીમનગરમાં સહમતી વગર, જબરજસ્તી અમલ કરવામાં આવેલ છે. અને એક ચોકક્સ અનુ.જાતિના લોકોની રહેઠાણની જમીન ઉપર અને સદરહું લોકો ઘણા લાંબા સમયથી પીશ ફુલ અને સેટલ પઝેશન ધરાવતાં હોવા છતાં તેમજ રાજકોટના મહે. સીનીયર સીવીલ જજ કોર્ટ સમક્ષ સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૨૩૯/૨૦૧૫ થી દાવો પેન્ડીંગ છે.

## રાજકોટ રેલ્વે ડિવિઝનમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ રેલવે ડિવિઝનમાં ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓકટોબર, ૨૦૨૪ દરમિયાન નસ્વચ્છતા હી સેવા અભિયાનથ ચલાવવામાં આવી રહ્યું છે. પસ્વચ્છતા હી સેવાથ અભિયાન અંતર્ગત રાજકોટ ડિવિઝનમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રેલ્વે સ્ટેશનો, કચેરીઓ, રેલ્વે કોલોનીઓ, આરોગ્ય એકમો અને રેલ્વે ટ્રેકમાં શ્રમદાન દ્વારા સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. રાજકોટ ડિવિઝન પર રેલવે કર્મચારીઓના બાળકો માટે આજે નિબંધ લેખન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બંને સ્પર્ધાઓમાં અનુક્રમે ૨૯ અને ૪૬ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધા પછી, સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ નું આયોજન, જરૂરિયાત, ઉદ્દેશ્ય અને મહત્વ વિશે તમામ બાળકોને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. રેલ્વે લોકો કોલોની રાજકોટ ખાતે રેલ્વે પરિવારના સભ્યોને સ્વચ્છતાનું મહત્વ અને તેમની જવાબદારી અને પ્લાસ્ટિકના ઉપયોગથી થતા નુકસાન અંગે મહત્વની માહિતી આપવામાં આવી હતી. સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ વિભાગો દ્વારા રેલ્વે કોલોનીઓમાં પસ્વચ્છતાનું ધ્યાન રાખો, તો જ દેશ મહાન બનશેથ જેવા સૂત્રો સાથે ડોર ટુ ડોર અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

## ઉપલેટા મહિલા કોલેજ ખાતે આઈ.સી.ડી.એસ. દ્વારા કિશોરીઓ માટે કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા ઘટકમાં આઈ સી ડી એસ મહીલા બાળ વિકાસ વિભાગ દ્વારા પૂર્ણા (prevention of undervaluation and reduction in nutrition anamemia) પ્રોગ્રામ અંતર્ગત સુપોષીત કિશોરી સશક્ત ગુજરાત અન્વયે ૧૫ થી ૧૮ વર્ષ ની કિશોરી આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારા માટે કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું.આજની કિશોરી તંદુરસ્ત અને સક્ષમ હશે તો આવતીકાલ ની માતા અને બાળક તંદુરસ્ત અને સુપોષીત બનેશે .

કિશોરી સશક્ત અને સુપોષીત બને તે માટે મહીલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમ થી પૂર્ણા યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીને આરોગ્ય પોષણ વિષે માહીતી સાથે સેવાઓ આપવી. તેમજ જીવન જીવવા માટેની આવડતો અને કૌશલ્યો વિષે માહીતગાર કરી તેમને સક્ષમ બનાવાનો છે.પૂર્ણા યોજના થકી કિશોરીને પોતાને જરૂરી પોષણ આરોગ્ય અને જીવન માટે જરૂરી કૌશલ્યોની સમજીને પરીવાર અને સમાજમાં એવું વાતાવરણ મેળવી શકે તેથી તેઓ પોતાના નિર્ણયો અને અનુભવોને મુક્ત મને જાતે લઈ શકે.આ ઉદ્દેશ્યનેસફળ કરવા માટે દરેક આગણવાડી કેન્દ્રમાં એક સખી અને એક સહસખી બનાવવામાં આવી છે.જે ગામની દરેક અન્ય કિશોરીઓને આરોગ્ય,પોષણ અને કૌશલ્યો વિષે માહિતી આપી જાગૃત કરવાનું કામ કરે છે.



આ યોજનામાં ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી તમામ કિશોરીનો સમાવેશ થાય છે. કિશોરીને સક્ષમ બનાવવા માટે આંગણવાડી માં પૂર્ણા (ચોથો મંગળવાર ) ની ઉજવણી કરવામાં આવે છે.જેમાં પોષણ અને બિન પોષણ વિષયક( જીવન કૌશલ્યો,વ્યવસાયીક તાલીમ,કાયદાકીયમાહિતી,સ્થાનિક ઉપલબ્ધ જાહેરસેવાઓ વગેરે) જાણકારી કિશોરીઓને આપવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ સેવા હેઠળ કિશોરીઓને પોષણ માટે આપવામાં આવતા તૈયાર પોષણ આહાર(ટેક હોમ રેશન) પુર્ણા શકતી ના ચાર પેકેટ દર મહિને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીને આપવામાં આવે છે.જેમાં આઠ સુક્ષ્મ-પોષક તત્વોનો સમાવેશ કરવામાં આવે છે.જે કિશોરી ના સ્વસ્થ શરીર નિર્માણ માટે ખૂબ જરૂરી છે. આજ રોજ તારીખઃ ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી આર.પી. ભલોડિયા મહિલા કોલેજ ખાતે આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગના સંકલનથી ૧૫ થી ૧૮ વર્ષની કુલ ૫૦૦ કિશોરીઓને આરોગ્ય તપાસમાં (HB BMI વજન /ઊંચાઈ ટીટીવેક્સિન) કરવામાં આવેલ.

## મોઢવણિક જ્ઞાતિ માટે ગરબા ના નીઃશુલ્ક આયોજનથી ખેલૈયાઓમાં થનગનાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોઢવણીક મહાજન રાજકોટ હમેશા મોઢવણિક જ્ઞાતીજનોને અવનવા આયોજન આપી રહ્યું છે . જે અંતર્ગત સતત બીજા વર્ષે નવરાત્રી ઉત્સવ ને ઉજવવા રાજકોટ માં વસ્તા મોઢવણિક જ્ઞાતી પરિવારો માટે મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા આગામી ૨૯ સપ્ટેમ્બર રવિવાર ના રોજ નિશુલ્ક વેલકમ નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ નું જાજરમાન અને ભવ્ય એક દિવસીય આયોજન રાજકોટ ના ન્યારી ડેમ રોડ ખાતે મોઢવણિક મહાજન સંચાલિત નવનિર્મિત અતિ આધુનિક અ. ટ. ખ. ઈ . પાર્ટી લોન્સ ખાતે સાંજના ૬-૦૦ વાગ્યે થી કરવામાં આવેલ છે.

આ નવરાત્રી મહોત્સવ ની વિશેષતા જણાવતા મહાજન પ્રમુખ ભાગ્યેશ વોરા, મેને. ટ્રસ્ટી કીરેન છાપીયા, મંત્રી અશ્વિન વડોદરીયા, સહમંત્રી કેતન પારેખ જણાવે છે, કે મોઢવણિક જ્ઞાતી માટે નિશુલ્ક અલ્પાહાર સાથે વેલકમ નવરાત્રી મહોત્સવ સંસ્થા ના નવનિર્મિત અતિઆધુનિક મખમલી લીલાછમ અ. ટ. ખ. ઈ. પાર્ટી લોન્સ ના ગ્રાઉન્ડ માં થવા જઈ રહિયું છે. ત્યારે જ્ઞાતિ ના બાળકો, યુવક, યુવતીઓ, અબાલ-વૃદ્ધ-માં આધ્યશકિત ના પર્વ ને વધાવવા મન-ભરીને આનંદ માણવા થનગની રહીયા છે. વેલકમ નવરાત્રી મહોત્સવ ના આકર્ષણો વિશે વધુ માં મોઢવણિક મહાજન ના સુનિલ વોરા, નીતિન વોરા અને સંજય મણીઆર જણાવે છે.કે અલગ-અલગ ૪ ગ્રુપ માં ખેલૈયા ને પ્રીન્સ, પ્રિન્સેસ વેલડ્રેસ ના ઈનામો આપવા માં આવશે. વિશાળ 30000 સ્કે.ફૂટ ગ્રાઉન્ડ, ૨૫૦૦૦ વોલ્ટ ની સાઉન્ડ સિસ્ટમ તથા નયનરમ્ય લાઈન્ટિંગ થી સુશોભિત ગ્રાઉન્ડ, આકર્ષક સેલ્ફી પોઈન્ટ સાથો સાથ વિખ્યાત ગાયક કલાકરો સાથે નું અધ્યતન ઓરકેસ્ટ્રા અને પધારેલ સમસ્ત



જ્ઞાતિજનો માટે નિહાળવાની સુંદર બેઠક વ્યવસ્થા રહશે.

નવરાત્રી મહોત્સવ માં રાજકોટ ના અનેક જ્ઞાતિ અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. તદુપરાંત મહોત્સવ અંતર્ગત વિજેતા પ્રિન્સ, પ્રિન્સેસ, વેલડ્રેસ પ્રિન્સ-પ્રિન્સેસ, બેસ્ટ કપલ, સહિત અનેક વિજેતાઓને આકર્ષક ગિફ્ટ નાં સ્પોન્સર્સ દીપક રેડીમેઈડ હાઉસ, છાપીયા એસોશીએટ્સ, વિકાસ સ્ટવ કુકવેર, શ્રીજી ઈલેકટ્રોવિઝન, શેઠ ટ્રેડર્સ કાં, સુનિલભાઈ વોરા, માતંગી જ્વેલર્સ, નિશિત ટ્રેડર્સ, ઈલેશભાઈ પારેખ દ્વારા ૨૭૦ થી વધારે અલગ અલગ કેટેગરી મા વિજેતાઓ ને પુરસ્કૃત તદુપરાંત, આશ્વાસન ભેટ આપવામાં આવનાર છે. માત્ર મોઢવણિક જ્ઞાતિજનો માટે યોજાઈ રહેલા બિનવ્યાવસાયિક તદ્દન નિશુલ્ક રાસોત્સવ માં મોઢવણિક જ્ઞાતિજનો અને ખેલૈયાઓને ઉમટી પડવા નિમંત્રણ સાથોસાથ જ્ઞાતિજનો ને આ નિશુલ્ક આયોજન નિમિતે યથાયોગ્ય અનુદાન આપવા શ્રી મોઢવણિક મહાજન અપીલ કરે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

